D\Backupdata11/PM7/Building\Housing-AHK-25

# વડોદરા મહાનગર સેવા સદન

## ટાઉન ડેવલપમેન્ટ વિભાગ

નમૂનો અન્ય અને એપેન્ડિક્સ 'ઈ'

ફોર્મ નંબર-૫ વિનિયમ ૫,૧

વિકાસની પરવાનગી/રજા ચિઠ્ઠી નંબર

વોર્ડ LCQ

૧૨ ૨૦૧૫ -૨૦૧૬

અરજદારશ્રી શિવાભાઈ રાયજીભાઈ પટેલ તથા અન્ય-૩

રહેવાસી રોયલ રેસીડન્સી સામે, વોલ્ટેમ્પ કંપની સામે, મકરપુરા મેઈન રોડ. "રોયલવીલા" ડુપ્લેક્ષ.

અને ટીકા નંબર — સીટી સર્વે નંબર —

ટી. પી. નંબર ૩૪ (મુસદ્દારૂપ) એફ. પી. નંબર ૧૧૦

મોજે ગામ જાંબુવા રે. સ. નંબર ૫૨૦ માં

બી. એ. ચો. મી. એફ. એસ. આઇ ચો. મી.

ઈમારતી બાંધકામ કરવાની તારીખ ૧૮-૧૦-૨૦૧૨ ના રોજ મળેલી — નોટિસમાં

જણાવેલ બાંધકામનો પ્રકાર નકશા મુજબ ઉપર જણાવેલી ઈમારતી બાંધકામ/લેઆઉટ અંગે મ્યુ. કો. એક્ટના ચેપ્ટર ૧૨ના રૂલ-૩ મુજબ તથા ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૬૯ની કલમ ૨૯-૧ (૧) ૨૯-૧ (૨), ૨૯-૧ (૩) ૩૪ અને કલમ (૧) બી મુજબ અરજદારનો સીટ નંબર .................................. સીટી/રેવેન્યુ સર્વે નંબર .................................. ની મળેલી સનદ જેના માપો ખાતેથી નક્કી કરાવી અને નકશાના માપથી હદો બતાવ્યા પ્રમાણે મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટના રૂલ્સ તથા બાયલોઝને તથા ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અન્વયે સરકારશ્રીએ મંજુર કરેલા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન-૨૦૦૬ને અનુસરીને તેમના જોખમે અને ખર્ચે તેમની પોતાની માલિકી હદમાં આ સાથે મંજૂર કરેલ લે-આઉટ અને બિલ્ડીંગ પ્લાન માં લાલરંગ થી બતાવ્યા મુજબ ક્રમ ૪૩ યુનિટ ડુપ્લેક્ષ ગ્રા.ફ્.+ ફ.ફ.+ સ્ટેર-કેબીન ફક્ત તથા કોમન પ્લોટમાં કોમન રેસ્ટ્રુ. ગ્રા.ફ્.+ ફ.ફ. (પાર્ટ) + સે.ફ. (પાર્ટ) ફક્ત નું બાંધકામ કરવા પરવાનગી આપવામા આવે છે.

| | | |
|---|---|---|
| | ૧. સી. ડી. | ₹ ૨૨૭૧૫.૦૦ |
| | ૨. ગર્વમેન્ટ સેસ | ₹ ૧૩૬૨૮૫.૦૦ |
| | ૩. વૃક્ષારોપણ ચાર્જ | ₹ ૧૫૯૦૦૦.૦૦ |
| | ૪. મ્યુ. ડમ્પીંગ ~~બાંધકામ પાણી~~ લાગત | ₹ ૫૦૦૦.૦૦ |
| | ૫. વરસાદી ગટર લાગત | |
| | ૬. એમીનીટીઝ ચાર્જ | ₹ ૬૮૧૪૨૦.૦૦ |
| | ૭. ઝૂ છ. લાગત | કુલ ₹ ૧૦૦૪૪૨૦.૦૦ |

પા. નં. ૧૫૦૯૩૦. ૧૦૦૩. ૦૦૨૧

- વુડા વિકાસચાર્જ ભરેલ છે. શરત- ① માપો, માલીકી, સ્ટ્ર. સેફ્ટી, ખાનગી હક્કો તથા એપ્રોચ અંગે ની તમામ જવાબદારી અરજદાર ની રહેશે. ② ૩ (ત્રણ) નંગ પરકોલેટીંગ વેલ RWH સહ સ્થળે સી.સી. લેતાં પહેલાં કાર્યરત કરવાના રહેશે. ③ કોમનપ્લોટ તથા કલબહાઉસ નો ઉપયોગ સહિયારો કરવાનો રહેશે. ④ ટી.પી. સ્કીમ મુસદ્દારૂપ હોઈ, સંબંધિત ખાતા મારફતે ડિમાર્કેશન કરાવી ત્યારબાદ જરૂરી માર્જીન છોડી બાંધકામ કરવાનુ રહેશે. તથા ⑥ ડે.ટી.ડી.ઓ. (ટી.પી.) શ્રી ના અભિપ્રાય ની શરતો તથા ભવિષ્યમાં જે ફેરફાર આવે તે અરજદાર ને બંધનકર્તા રહેશે. ⑦ પોતાના O.P. માં આવતા F.P. માંજ બાંધકામ કરવાનુ રહેશે. ⑧ ર.ચિ. ની શરતો નો ભંગ થયેથી ર.ચિ. આપોઆપ રદ થયેલ ગણાશે. —

શરત : જી. ડી. આર. -૨૦૦૬ ના નિયમ ૫.૩ .૧ (ix) તથા ૩.૨.૫ મુજબ સ્ટ્રકચરલ સેફટી અને વર્કમેનશીપ, ઈઝમેન્ટ રાઈટસ, ટાઈટલ ઓફ ધી લેન્ડ /બિલ્ડીંગ વિગેરેની જવાબદારી અરજદારની રહેશે. (૧) બાંધકામ પરવાનગી મુજબ બાંધકામ શરૂ કર્યા અંગેની જાણ દિન--૩માં અત્રે કરવાની રહેશે. (૨) આ બાંધકામ પરવાનગી મળેલથી ચાર વર્ષમાં ઓકયુપેશન સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે. અન્યથા જે તે સમયે અમલી વિકાસ નિયંત્રણ નિયમ મુજબ ફેર પરવાનગી લઈ બાંધકામ કરવાનું અથવા કરેલ બાંધકામમાં ફેરફાર કરવાનો રહેશે.

નીચે જણાવેલી નિયંત્રણ અને શરતોને અનુસરીને બાંધકામની રજા આપવામાં આવે છે, તમોએ બાંધકામ કરવાની મંજૂરીના પ્લાન રજૂ કરેલ તેની મંજૂર થયેલી નકલ તમારી જાણ માટે મોકલી આપી છે. એન્જિનીયર / આર્કીટેકટશ્રીનું નામ અશોક જી. પટેલ .................. સ્ટ્રકચરલ એન્જિનીયરશ્રીનું નામ .......... વી. આર. પટેલ ..........

GDCR-'06 9.3 (સમગ્ર) મુજબની અમલનારી કરવાની જવાબદારી આ.સુ.વા.શ્રી અશોક જી. પટેલ આર્કી./સ્ટ્ર.એન્જી./સુપરવાઈઝર શ્રીની રહે છે.

તારીખ ૩૦-૯-૨૦૧૫

30-09-15

કારકુન

વી બાંધકામ તપાસનીસ

૧૨

નાયબ નગર વિકાસ અધિકારી

વડોદરા મહાનગર સેવા સદન

મ્યુનિ. કમિશ્નરશ્રીના હુકમથી (PTO)

**શરતો અને નિયંત્રણો :-**

૧. મજકુરે નંબર બતાવેલી જમીનમાંથી મહાનગર સેવા સદનને કાંઈક જમીન લીધી હશે અગર કોઈ ભાગ તે છોડવા હુકમ કરેલો હશે અગર સનદ સિવાયનો કોઈ ભાગ મહાનગર સેવા સદનને કબજો કર્યો હશે તો તે સિવાયના ભાગ માટે રજા ચિઠ્ઠી સમજવી.

૨. વરસાદનું પાણી છાપરા અગર અગાસીમાંથી નીચે ઉતરવા જમીનથી ૬૦ સેન્ટીમીટરથી વધુ ઊંચા ન હોય તેવા નળ મૂકવા અને વરસાદના પાણી સિવાય બીજુ કોઈ તરેહનું પાણી બહાર નીકળી રસ્તામાં પડે તેવી મોરીઓ કરવી નહિ.

૩. મુખ્ય રસ્તા તથા પોળમાં ૩.૬ મીટરથી નીચેના ભાગમાં બારણાં ઉઘડતા કરવા નહિ. જો ૩.૬ મીટર ઉપર કરવા હશે તો મ્યુનિસિપલ બાયલોઝ મુજબ આસપાસ પૂરતું અંતર હશે તો કરવામાં હરકત નથી. જે બારણાં અગર જારીઓ રસ્તા યા પાસેથી ખુલી જમીન ઉપર મૂકશે ને રસ્તા યા પાસેથી જમીનનો યોગ્ય લાગે તેવો ઉપયોગ કરવાનો મહાનગર સેવા સદન પોતાના હક્ક કાયમ રાખે છે. મહાનગર સેવા સદન રસ્તા ઉપર કોઈપણ પ્રકારનું પ્રોજેક્શન ૩.૬ મીટરથી નીચે કરવાનું નથી.

૪. રસ્તા ઉપર ઈમારતી સામાન પ્રથમની રજા મેળવ્યા સિવાય નાખવો નહિ. રજાથી નાંખેલી પુરણી વગેરે વ્યવસ્થિત જોઈતું કોર્ડન કરી ટ્રાફીકને અડચણ ન થાય તેમ નાંખવી.

૫. વોટર વર્કસનું પાણી ચણતરમાં વાપર્યા બદલ જુદી ફી આપવી પડશે અને તે આપવા કબૂલ ન હોય તો અરજી કરી નળ અગાઉથી બંધ કરવો. આ નિયમ મીટરથી પાણી સપ્લાય થતું હશે તે જગ્યા માટે જો અરજદાર અગાઉથી જ વોર્ડ શેરી ખાતે નોંધ કરાવશે તો ચણતર માટે અગાઉથી ડીપોઝીટ ભરવાની જરૂર નથી.

૬. રજા ચિઠ્ઠી મ્યુ. બાયલોઝ અને વિનિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હક્કોના નુકશાનને અંગે મહાનગર સેવા સદન કોઈપણ જવાબદારી લેતી નથી તથા જમીનના તથા મકાન ટાઈટલ અને પ્લોટ અથવા મકાનના ક્ષેત્રફળની ફેરફારની જવાબદારી લેતી નથી.

૭. મકાન પૂરું થયે કોર્પોરેશન એક્ટ ૨૬૩ મુજબ તથા 'વુડા' ના વિનિયમો એક ૬ (૨) (બી) મુજબ અરજી કરવી અને ઈમારત વાપરવાની રજા મેળવ્યા પહેલા ઉપયોગ કરવો નહી.

૮. એક વખત પરવાનગી મળી ગયા પછી પરવાનગીમાં નજીવા ફેરફાર વિનિયમો–બાયલોઝ વિરૂધ્ધમાં નહિ કરવાના હોય તો જે જે ફેરફાર તેમના કરવાના હોય તો તમામ ફેરફારો કરતાં પહેલાં રીવાઈઝડ પ્લાન કરી મહાનગર સેવા સદનમાં મંજૂરી માટે મોકલવો અને તે ફેરફારો મંજૂરી મળતાં પહેલા પણ કોઈપણ કારણ કરી દેવા તે મકાન કરનારને છુટ રહેશે પણ તે ફેરફારો/વિનિયમો વિરૂધ્ધ હશે તો ગમે તેટલા નુકશાન થશે તો પણ કોઈપણ કારણ ધ્યાનમાં લીધા વગર તોડી નાખવામાં આવશે.

૯. ખેતીવાડી જમીનનો ઉપયોગ સિવાયના કામમાં કરવા બાબતમાં બોમ્બે લેન્ડ કોડની કલમ ૬૫ મુજબ જ્યારે રજા આપવામાં આવેલી હોય ત્યારે જે શરતો રાખવામાં આવી હોય તે મુજબ વર્તવાની જરૂરીયાત રજા ચિઠ્ઠીથી રદ્દ થતી નથી, વળી રજા માંગવામાં અગર તેની શરતો પાળવામાં કસુર કરશો તો તમે બોમ્બે રેવન્યુ કોડમાં જણાવેલી શિક્ષાને પાત્ર થશો.

૧૦. જે જમીન તદ્દન ખુલ્લી હોય તેની ઉપર મકાન કરવાનું હોય અગર પાયામાંથી નવું મકાન કરવાનું હોય તો સનદ મુજબ પ્લાનમાં સીટી સર્વે અગર રેવન્યુ ખાતે ચેક કરાવી કામ શરૂ કરવું તથા ચેક થયાનો દાખલો અત્રે મોકલી આગળ કામ કરવું.

૧૧. રજા ચિઠ્ઠી મહાનગર સેવા સદન ઈન્સ્પેક્ટર અથવા બીજા અધિકારી જોવા માગે તેને બતાવવા માલિક બંધાયેલ છે. તે નહી બતાવશે તો તે કામ બંધ કરવા હુકમ કરશે તે મુજબ બંધ કરવું પડશે.

૧૨. મકાનની અંદર તેમજ બહાર થવાના તમામ સેનેટરી તથા ડ્રેનેજ કનેકશન મહાનગર સેવા સદન તરફથી લાયસન્સ ધરાવતા પ્લંબરો મારફતે કરાવવા અને તેમ કરવા કસુર થશે તો તે બદલ કાયદેસર પગલાં લેવામાં આવશે. લાયસન્સ ધરાવતા પ્લંબરોનું લીસ્ટ વોર્ડના ઈજનેર સાહેબની ઓફીસેથી મળી રહેશે.

૧૩. બાંધકામ નીચેની જમીન માટે ૧૮૮૪ના લેન્ડ એકવીઝીશન એક્ટની કલમ ૪ મુજબ એકવાયર કરવાને સદરહું એક્ટની કલમ નોટીફીકેશન નીકળ્યું હશે તો રજા ચિઠ્ઠી એકવીઝીશન એક્ટ ૨૪(૭) મુજબ મે. કલેકટર સાહેબની રજા લેવાની મટી જતી નથી.

૧૪. આ પરવાનગી ચિઠ્ઠી પહોંચ્યાની તારીખથી ૧૨ માસ ચાલશે, મુદ્દત વિતે ફરી રજા લેવી પડશે અથવા તાજી કરવી પડશે.

૧૫. કંપ્લીશન સર્ટીફીકેટ મેળવવા અરજી સાથે ફોર્મ નંબર–૬ મુજબ લાયસન્સ હોલ્ડર અને પ્લંબર સર્ટીફીકેટ રજુ કરવું.

૧૬. સ્થળે જો હાઈટેન્શન કે લો–ટેન્શન ઈલેકટ્રીક લાઈન, ટેલીફોન લાઈન, ડ્રેનેજ લાઈન, પાણીની લાઈન તથા ગેસ લાઈન પસાર થતી હશે તો સંબંધિત ખાતાનો સંપર્ક સાધી તે હઠાવ્યા બાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે. આ અંગેની સઘળી જવાબદારી અરજદારની રહેશે.

૧૭. એરોડ્રામ ઓથોરિટીના સર્ટીફીકેટની જરૂર હોય એવા કિસ્સાઓમાં સીવીલ એવીએશન ડીપાર્ટમેન્ટનું પ્રમાણપત્ર મેળવી બાંધકામ કરવાનું રહેશે.

૧૮. દરેક રૂમ અથવા જગાનો ઉપયોગ મંજુર થયેલા ઉપયોગ મુજબ કરવાનો રહેશે અને તેની જવાબદારી અરજદારની રહેશે.

૧૯. વિકાસ પરવાનગી/રજા ચિઠ્ઠી અને મંજુર થયેલા નકશાઓ, ડ્રોઈંગ સ્પેસીફીકેશન મેળવેલા હોય તો માલિક આ વિનિયમો બાયલોઝની જરૂરીયાત મુજબ કરવાની જવાબદારીમાંથી કોઈ રીતે છટકી શકશે નહિ.

૨૦. મંજુર નકશા વિરૂધ્ધ બાંધકામ કરવાથી/રજા ચિઠ્ઠીમાં જણાવેલ શર્તોનો ભંગ કરવાથી/ઓક્યુપેશન સર્ટીફીકેટ મેળવ્યા સિવાય ઉપયોગ ચાલુ કરવાથી રજા ચિઠ્ઠી આપોઆપ રદ્દ થયેલ ગણવામાં આવશે.

૨૧. નિયમોનુસાર આપેલ પરવાનગી વિરૂધ્ધની બીનઅધિકૃત બાંધકામોને કોઈપણ સંજોગોમાં નિયમબદ્ધ કરવામાં આવશે નહી– બીન અધિકૃત બાંધકામો અન્વયે સબંધક પરવાનગી એન્જીનીયર, આર્કિટેક્ટ, બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર વગેરેની કોઈપણ જાતની નોટીસ, ચેતવણી આપ્યા વિના તેઓના લાયસન્સ વગેરે રદ્દ કરી 'કાળી યાદી'માં તાત્કાલીક અસરથી મૂકવામાં આવશે.

૨૨. ઓક્યુપેશન–સર્ટીફીકેટ મેળવતાં પહેલા સોસાયટીના આંતરીક રસ્તા પાકા બનાવવાના રહેશે.